UK Health
Security
Agency

NHS

# વૃધ્ધ પુખ્ત વયનાઓ માટે RSV રસી માટેની તમારી માર્ગદર્શિકા

રિસ્પિરેટરિ સિન્સિશલ વાઈરસની (RSV) રસી લઈને તમારી જાતને કેવી રીતે સુરક્ષિત કરવી



**લોકો માટે મફ્ત RSV રસી વિષેની માહિતી કે જેઓ :**

- 1 સપ્ટેમ્બર 2024 ના રોજ અથવા તે પછી 75 વર્ષના થયા
- 1 સપ્ટેમ્બર 2024 ના રોજ પહેલેથી જ 75 થી 79 વર્ષના હતાં

## RSV શું છે?

રિસ્પિરેટરિ સિન્સિશલ વાઈરસ (RSV) એ શ્વસનમાર્ગ અને ફેફસાંનો ચેપી રોગ છે. RSV ચેપથી ઘણી વાર શરદી જેવા લક્ષણો લક્ષણો નિર્માણ થાય છે, જેમાં ઉધરસ, ગળામાં દુઃખાવો, છીંક આવવી અને વહેતું અથવા બંધ નાકનો સમાવેશ થાય છે. તે તમને ઘરઘરાટી અથવા શ્વાસ લેવામાં તકલીફ પણ બનાવી શકે અને ન્યૂમોનિઆ અને બીજી જીવલેણ પરિસ્થિતિઓ તરફ દોરી શકે. આની કોઈ વિશિષ્ટ સારવાર નથી, અને મોટા ભાગના ચેપ તેમની જાતે જ સારા થઈ જશે. દર વર્ષે હજારો વૃદ્ધ પુખ્ત વયના લોકોને RSV માટે હોસ્પિટલમાં દેખભાળની જરૂર રહે છે અને તેમાંના અમુક મૃત્યુ પામે છે. હૃદય અથવા ફેફસાના રોગ અથવા નબળી રોગપ્રતિકારક શક્તિ જેવી તબીબી પરિસ્થિતિઓવાળા લોકોમાં RSV વધુ ગંભીર હોઈ શકે છે.

નાના બાળકોમાં RSV ચેપ સામાન્ય છે પણ નાના શિશુઓ માટે અને વૃદ્ધ લોકો માટે તે સૌથી ગંભીર હોય છે.



## તમને RSV કેવી રીતે થઈ શકે?

RSV ચેપો આખા વર્ષમાં થઈ શકે પણ દર શિયાળામાં તેના કેસો ટોચ પર હોય છે.

RSV ઉધરસ અને છીંકો દ્વારા ફેલાઈ શકે. જયારે તમને ખાંસી અથવા છીંક આવે ત્યારે તમારા મોં અને નાકને ઢાંકીને (આદર્શ રીતે ટિશ્યૂ સાથે, અથવા તમારી કોણી વાળીને) તમે વાઈરસના ફેલાવાને રોકવામાં મદદ કરી શકો અને વાઈરસ થવાના જોખમને ઘટાડવા માટે તમે વારંવાર તમારા હાથ ધોઈ શકો છો. આવા ઉપાયોથી સાથે પણ RSV ચેપને ટાળવા માટે તે મુશ્કેલ હોઈ શકે.

તમારી જાતને સુરક્ષિત રાખવાની શ્રેષ્ઠ રીત એ છે કે રસી લેવી.

## રસી કેવી રીતે કામ કરે છે?

લગભગ તમામ વૃદ્ધ પુખ્ત વયનાઓને તેમના જીવન દરમિયાન ઘણા RSV ચેપ લાગ્યાં હશે. જયારે તમે ગંભીર RSV ચેપના સૌથી વધારે જોખમ ધરાવતા વય જૂથમાં પહોંચશો ત્યારે રસીનો એક ડોઝ સુરક્ષા વધારવામાં મદદ કરશે.

## શું બીજા કોઈ પણ લોકો RSV રસી માટે પાત્ર છે?

સગર્ભા સ્ત્રીઓને પણ તેમના બાળકોને RSVથી રક્ષણ માટે રસી ઓફર કરવામાં આવી રહી છે. તમે અહીંયા ગર્ભવતી મહિલાઓ માટે RSV રસી માટે માર્ગદર્શિકા વાંચી શકો છો:

**www.gov.uk/government/publications/respiratory-syncytial-virus-rsv-maternal-vaccination**

## શું મારે દર વર્ષે રસી લેવાની જરૂર છે?

ના, એક ડોઝથી તમને થોડા વર્ષો સુધી સારી સુરક્ષા મળે તેવી અપેક્ષા રાખવામાં આવે છે.



## કોણે RSV રસીકરણ કરાવવી જોઈએ?

1 સપ્ટેમ્બર 2024 ના રોજ અથવા તે પછી 75 વર્ષની ઉંમરની દરેક વ્યક્તિને RSV રસીનો એક ડોઝ પ્રસ્તુત કરવામાં આવશે. આ એટલા માટે છે કારણ કે વૃદ્ધ પુખ્ત વયનાને RSVથી ગંભીર ગૂંચવણોનું જોખમ વધારે હોય છે. તમે હજી પણ 80 વર્ષના થવાના એક દિવસ અગાઉ સુધી રસી મેળવી શકો છો.

કાર્યક્રમના પ્રથમ વર્ષ માટે, કેચ અપ પ્રોગ્રામના ભાગ તરીકે, 1 સપ્ટેમ્બર 2024 ના રોજ, જે લોકો પહેલેથી જ 75 થી 79 વર્ષની ઉંમરના છે તેમને પણ રસી પ્રસ્તુત કરવામાં આવશે.

## જેઓ 75 વર્ષથી હેઠળના છે તેવા લોકો વિષે શું?

યુવાન લોકો જયારે 75 વર્ષની ઉંમરે પહોંચશે ત્યારે તેમને રસી પ્રસ્તુતકરવામાં આવશે.

## શું હું મારી COVID-19 અથવા ફ્લૂની રસી સાથે RSV રસી લઈ શકું?

RSV સામાન્ય રીતે તમારી COVID-19 અથવા ફ્લૂ રસીની જેમ એકજ એપોઇન્ટમેન્ટમાં આપવાની વ્યવસ્થા કરવામાં આવતી નથી.

ચોક્કસ કે અમુક ક્લિનિકલ સંજોગોમાં, તમારા ડૉક્ટર અથવા નર્સ સલામત રીતે તે જ સમયે તેમને પ્રસ્તુત કરી શકે.

## શું હું શિંગલ્સ અથવા ન્યૂમોકોકલ રસીની જેમ એકજ સરખા સમયે RSV રસી લઈ શકું?

હા, તમે આ રસીઓ એકજ સરખા સમયે લઈ શકો છો.

## શું એવી કોઈ વ્યક્તિ છે કે જેઓએ રસીકરણ કરાવવું ન જોઈએ?

લગભગ દરેક વ્યકિત રસી લઈ શકે, પણ જો તમને ક્યારેય કોઈ રસી અથવા કોઈ પણ ઘટકથી ગંભીર એલર્જી થઈ હોય તો ડૉક્ટર અથવા નર્સને કહો.

જો તમને શરદી જેવી નાની બીમારી હોય તો તમે રસી લઈ શકો છો, પણ જો તમે ખૂબ બીમાર હો અથવા તાવ હોય તો, ડૉક્ટર અથવા નર્સ તમને સારા થાવ ત્યાં સુધી રાહ જોવાની સલાહ આપી શકે.

## શું રસી મને સંપૂર્ણપણે સુરક્ષિત કરશે?

આ રસી તમને RSV રોગથી પીડિત થવાની સંભાવનાને ઘટાડે છે એવું દેખાઈ આવ્યું છે. તમામ દવાઓની જેમ, કોઈ પણ રસી સંપૂર્ણપણે અસરકારક નથી અને અમુક લોકોને રસીકરણ લીધા હોવા છતાં RSV હજી પણ થઈ શકે. જો તમને RSV થાય તો, તે ઓછું ગંભીર હોવું જોઈએ.

## કેટલા લાંબા સમય માટે હું સુરક્ષિત રહીશ?

ક્લિનિકલ અભ્યાસોમાં, RSV રસીએ ઓછામાં ઓછા 2 વર્ષ સુધી સારું રક્ષણ પૂરું પાડ્યું હતું, અને તે લાંબા સમય સુધી ચાલવાની અપેક્ષા છે.

## શું મને કોઈ પણ આડ અસરો થશે?

રસીકરણ પછી એક અથવા બે દિવસ માટે ઇન્જેક્શનની જગ્યાએ તમને થોડો દુ:ખાવો, લાલાશ અથવા સોજો આવી શકે.

યુએસમાં ઉપયોગની પ્રથમ સીઝનમાં 1.2 કરોડથી વધુ ડોઝ આપવામાં આવ્યા હતા. ગ્યુલેન – બેરે સિન્ડ્રોમ તરીકે ઓળખાતી એક દુર્લભ (નર્વસ સિસ્ટિમ) નસોનું તંત્રની સ્થિતિ કે જે નબળાઈ તરફ દોરી જાય છે તે નોંધવામાં આવ્યુ હતું, આપવામાં આવેલ દરેક દસ લાખ ડોઝીસ માટે 10 કેસો. એકજ સરખી સ્થિતિ સંખ્યાબંધ સામાન્ય ચેપ અને અમુક રસીઓ પછી પણ થાય છે, પણ એકંદરે તમારા માટે સંભવિત ગંભીર RSV ચેપ લાગવાના જોખમ કરતાં રસી લેવી સલામત છે.

## મારે હવે શું કરવું જોઈએ?

જયારે તમે 75 વર્ષના થશો ત્યારે તમારી જીપી (GP) પ્રેક્ટિસ તમારી RSV રસી લેવા એપોઈન્ટમેન્ટ બનાવવા તમારો સંપર્ક કરશે.

જો તમારી ઉંમર 75 થી 79 વર્ષની હોય અને આમંત્રણ મળ્યુ ન હોય તો, તમારી RSV રસી લેવા એપોઈન્ટમેન્ટ ગોઠવવા માટે તમારી જીપી (GP) પ્રેક્ટિસનો સંપર્ક કરો.

## હું વધારે માહિતી કયાંથી મેળવી શકું?

તમે RSV રસી માટે દરદીની માહિતી પત્રિકા અહીંયા વાંચી શકો જેને એબ્રિસ્વો કહેવામાં આવે છે:

**www.medicines.org.uk/emc/product/15309/pil**

જો તમને વધારે પ્રશ્નો હોય તો, તમારી પ્રેક્ટિસ નર્સ, જીપી (GP) અથવા આરોગ્ય ટીમને વાત કરો.

તમે યલો કાર્ડ વેબસાઈટ (Yellow Card website) પર અથવા ફ્રી ફોન લાઈન 0800 731 6789 (સોમવારથી શુક્રવાર સવારના 9 થી સાંજના 5 વાગ્યા સુધી) પર કોલ કરીને અથવા યલો કાર્ડ એપ્પ (Yellow Card app) ડાઉનલોડ કરીને શંકાસ્પદ આડ અસરોની જાણ કરી શકો છો.

**www.mhra.gov.uk/yellowcard**

© Crown copyright 2025. Version 4. UK Health Security Agency Gateway Number 2024960. Product code: V2C24RSV01GU Gujarati. 2P 130K FEB 2025 (APS). To order more copies of this asset, please visit: www.healthpublications.gov.uk or call 0300 123 1002. This leaflet is available as a BSL video, and audio file, in braille, large print and translated into 30 community languages.